દાખલ તારીખ :– ૦૫–૦૩–૨૦૨૬
નોંધણી તારીખ :– ૦૫–૦૩–૨૦૨૬
ફેંસલ તારીખ :– ૧૬–૦૩–૨૦૨૬
સમયગાળો :– **વર્ષ–માસ–દિવસ**
**૦૦ – ૦૦ – ૧૧**

**પાટણના મે.ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.પાટણ.**

**ક્રિમી.રીવીઝન અરજી નં.૧૯/૨૦૨૬**
**આંક :– ૦૫**

**અરજદાર :–** **જહીરખાન ઉસ્માનખાન પોલાદી,**
ઉં.વ.આ.૪૯, ધંધો : કન્સ્ટ્રકશન,
રહે.સિધ્ધપુર, ઠે.તાહેરપુરા, બુરહાની સોસાયટી,
તા.સિધ્ધપુર, જી.પાટણ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** શ્રી સરકાર

**બાબત :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ અન્વયે રીવીઝન અરજ.**

**એડવોકેટ :–** અરજદાર તરફે વિ.વકીલશ્રી આર.બી.જોષી.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામના અરજદારે હાલની રીવીઝન અરજી કરી તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૭૦ ૩૦૨૬૦૧૨૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૨), ૭૮(૨), ૭૯, ૧૧૫(૨), ૩૫૧(૩), ૬૪(૨)(એમ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે પોલીસે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ વાહન મારૂતિ સુઝુકી ઈન્ડીયા લી. કંપનીની BALENO CAR, જેનો આર.ટી.ઓ. રજી.નં.GJ-24-AM-2305 છે તથા એન્જીન નં.K12MP4054215 તથા ચેસીસ નં. MBHEWB22SLH505495 છે (જેને હવે પછી સરળતા ખાતર **'મુદ્દામાલ વાહન'** તરીકે સંબોધેલ છે), તે વાહન પરત મેળવવા સિધ્ધપુરના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે કરેલ અરજી, નામદાર કોર્ટ દ્વારા

તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજના હુકમથી નામંજુર કરવામાં આવેલ હોઇ, તે હુકમથી નારાજ થઇને હાલની રીવીઝન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ.વકીલશ્રી આર.બી.જોષીએ દલીલ કરતા મુખ્યત્વે જણાવેલ છે કે, ઉપરોકત ગુનાના કામે સદરહુ મુદ્દામાલ વાહનનો ઉપયોગ થયેલ ન હોવા છતા, ત.ક.અમલદારે સદરહુ વાહન કબજે લીધેલ છે. અરજદારે સદરહુ મુદ્દામાલ વાહન પરત મેળવવા કરેલ અરજી નામદાર એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરની કોર્ટ દ્વારા ફકત હાલનો ગુનો સેશન્સ ટ્રાયેબલ હોવાનું કારણ જણાવી નામંજુર કરવામાં આવેલ છે અને આ સિવાય અન્ય કોઇ કારણ નામદાર કોર્ટે પોતાના હુકમમાં જણાવેલ નથી. આ કામે ચાર્જશીટ થયા બાદ કેસની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે અને સદરહુ વાહન લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેર પાર્ટસ તથા ટાયર–ટયુબ અને એન્જીનને નુકશાન થવાની સંભાવના છે તેમજ સદરહુ વાહન અરજદારના પરિવારનું રોજબરોજનું વપરાશનું સાધન છે. તપાસના કામે મુદ્દામાલ વાહનની જરૂરીયાત નથી. સદરહુ વાહન પરત આપવા માટે નામદાર કોર્ટ લાદશે, તે તમામ શરતોનું અરજદાર પાલન કરવાની ખાત્રી આપે છે. જેથી હાલની અરજી મંજુર કરી મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે નામદાર મેજીસ્ટ્રેટ કોર્ટે કરેલ હુકમ રદ કરી, યોગ્ય શરતોને આધિન અરજદારને સદરહુ મુદ્દામાલ વાહનનો કબજો સોંપવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા/સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટે દલીલ કરતા જણાવેલ છે કે, ઉપરોકત ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન પરત મેળવવાની અરજી નામંજુર કરતો નામદાર એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરની કોર્ટનો હુકમ યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો છે. સદરહુ મુદ્દામાલ વાહન અરજદારને પરત સોંપવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલની ઓળખનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. તેમ છતા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી જણાય તો કડક શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૪) પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજુઆતો તથા વિ.મેજીસ્ટ્રેટ કોર્ટનો હુકમ ધ્યાને લેતા, આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર એ હકીકત સ્થાપિત કરે છે કે, સિધ્ધપુરના વિદ્વાન એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીનાઓએ સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૭૦૩૦૨૬૦૧૨૦/૨૦૨૬ ના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન મારૂતિ સુઝુકી ઈન્ડીયા લી. કંપનીની BALENO CAR પરત મેળવવાની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ -૪૯૭ અન્વયેની અરજીના કામે તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ વાદવાળો હુકમ પક્ષપાતભર્યો, કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધનો અને ભુલભરેલો અથવા કોઈપણ રીતે હસ્તક્ષેપ કરવાને પાત્ર છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયિક **નિર્ણયો** નીચે મુજબ છે.

**(૧) હકારમાં.**

**(૨) અંતિમ હુકમ મુજબ.**

**-::: કા ર ણો :::-**

**મુદ્દા નંબર - ૧ ::-**

(૬) આ કામના અરજદારની મુદ્દામાલ અરજીના કામે વિદ્વાન એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરની કોર્ટે કરેલ હુકમ વંચાણે લેતા, તેઓએ સદરહુ મુદ્દામાલ વાહનના માલિક હાલના અરજદાર હોવાનું ઠરાવેલ છે. પરંતુ, હાલનો ગુનો સેશન્સ કોર્ટ ટ્રાયેબલ હોઈ તથા તપાસ પુર્ણ થયેલ ન હોઇ તથા ચાર્જશીટ થયેલ ન હોવાનું જણાવી અરજદારની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદ હકીકત વંચાણે લેતા,

હાલના અરજદારે સદરહુ મુદ્દામાલ વાહનમાં આવી ભોગ બનનારની જાતિય સતામણી કરેલ હોવાનો આક્ષેપ હોઈ, આરોપીને પોલીસ દ્વારા મુદ્દામાલ વાહન સાથે પકડી પાડી સદર મુદ્દામાલ વાહન તપાસના કામે કબજે લેવામાં આવેલ છે. પરંતુ, હાલના ગુનાની મોટાભાગની તપાસ પુર્ણ થઇ ગયેલ હોવાનું જણાય છે અને તપાસના કામે મુદ્દામાલ વાહનની જરૂરીયાત હોવાનું જણાતુ નથી. વધુમાં, આ કામે અરજદાર તરફે નિ.૩/૩ થી રજુ થયેલ મુદ્દામાલ વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ ખરી નકલ તથા નિ.૩/૪ થી રજુ થયેલ અરજદારના આધાર કાર્ડની નકલ વંચાણે લેતા, સદરહુ મુદ્દામાલ વાહન હાલના અરજદારની માલિકીનું હોવાનું જણાઈ આવે છે તેમજ વિ.મેજીસ્ટ્રેટ કોર્ટે પણ સદરહુ મુદ્દામાલ વાહન હાલના અરજદારની માલિકીનું હોવાનું ઠરાવેલ છે. વધુમાં, હાલના ગુનાનું ચાર્જશીટ થયા બાદ કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને સદરહુ મુદ્દામાલ વાહન હજી વધુ લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેર પાર્ટસ, ટાયર–ટયુબ તથા એન્જીનને નુકશાન થવાની સંભાવના છે તેમજ અરજદારને સદરહુ વાહનના ઉપયોગથી વંચિત રહેવુ પડે તેમ છે. સદરહુ મુદ્દામાલ વાહન અરજદારના રોજબરોજના વપરાશનું સાધન હોવાની રજુઆત છે. વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટનો **૨૦૦૭(૧) જી.એલ.એચ.૭૬, પરસોત્તમદાસ હરીભાઈ પટેલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત**વાળો ચુકાદો તેમજ **૨૦૦૩(૨) જી.એલ.આર. ૧૩૩૭, સુંદરભાઈ અંબાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**વાળો ચુકાદો ધ્યાને લેતા, પોલીસ સ્ટેશનમાં પડી રહેલ મુદ્દામાલનો નિકાલ કાર્યવાહીના પ્રારંભિક તબકકામાં જ કરી નાંખવો જોઈએ, તેવુ સ્પષ્ટપણે ઠરાવેલ છે. સદરહુ મુદ્દામાલ વાહન આ કામના અરજદારની માલિકીનું હોવાનું જણાય છે. સદરહુ વાહન અંગે હાલના અરજદાર સિવાય અન્ય કોઈ દાવેદાર આજદિન સુધી રેકર્ડ ઉપર આવેલ નથી. સદરહુ વાહન પોલીસ સ્ટેશનમાં લાંબો સમય પડી રહે તો માવજતના અભાવે તે બગડી જવા અને તેમાં ખરાબી થવા કે નુકશાની પહોંચવાનો સંભવ છે. સદરહુ વાહન લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહેવા દેવુ, તે કોઈપણ રીતે વ્યાજબી અને ન્યાયોચિત જણાતુ નથી. જેથી વિદ્વાન મેજીસ્ટ્રેટ કોર્ટ, સિધ્ધપુરનાઓ દ્વારા મુદ્દામાલ વાહન પરત નહીં સોંપવાના કરવામાં આવેલ વિવાદીત હુકમમાં હસ્તક્ષેપ

કરવાનું ન્યાયોચિત જણાતુ હોઈ, **મુદ્દા નંબર–૧** નો ઉત્તર **હકારમાં** ઠરાવી, **મુદ્દા નંબર–૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના અરજદાર **જહીરખાન ઉસ્માનખાન પોલાદી**, રહે.સિધ્ધપુર, ઠે.તાહેરપુરા, બુરહાની સોસાયટી, તા.સિધ્ધપુર, જી.પાટણવાળાની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૮ અન્વયેની હાલની રીવીઝન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) વિદ્વાન એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરની કોર્ટ દ્વારા સિધ્ધપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૭૦ ૩૦૨૬૦૧૨૦/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૨), ૭૮(૨), ૭૯, ૧૧૫(૨), ૩૫૧(૩), ૬૪(૨) (એમ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ વાહન કાર પરત મેળવવાની અરજીના કામે તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ વાદવાળો હુકમ આથી રદ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત ગુનાના કામે કબજે લેવામાં આવેલ વાહન મારૂતિ સુઝુકી ઈન્ડીયા લી. કંપનીની BALENO CAR, જેનો આર.ટી.ઓ. રજી.નં.GJ-24-AM-2305 છે તથા એન્જીન નં.K12MP4054215 તથા ચેસીસ નં.MBHEWB22SLH50 5495 છે, તે **મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલી કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો** રજુ કર્યેથી નીચેની શરતોને આધિન કેસનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી વચગાળાની કસ્ટડીરૂપે અરજદારને પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદારે સદર મુદ્દામાલ વાહનની માલિકી અંગે યથાવત સ્થિતી જાળવી રાખવી અને વાહનની ઓળખમાં કોઇ ફેરફાર થાય તેવુ કોઇ જ કૃત્ય કરવુ નહીં.

(૨) અદાલત જયારે ફરમાવે ત્યારે સદર મુદ્દામાલ વાહન રજુ કરવાનું રહેશે.

(૩) સદર મુદ્દામાલ વાહન આ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય અન્ય કોઇને વેચાણ, ગીરો કે અન્ય કોઇપણ રીતે તબદીલ કરવુ નહીં.

(૪) ત.ક.અમલદારે મુદ્દામાલ વાહનનું પંચનામું કરી વાહનના ચારે બાજુથી રંગીન ફોટા લઇ ત્યારબાદ વાહન અરજદારને સોંપવુ.

(૫) સદર મુદ્દામાલ વાહનનો ફરીથી કોઇ ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરવો નહીં.

(૬) કેસના આખરી નિર્ણય વખતે અદાલત મુદ્દામાલ વાહન અંગે જે નિર્ણય કરે તે મુજબ અરજદારે વર્તવાનું રહેશે.

(૭) મુદ્દામાલ વાહનના જામીન તથા બોન્ડ આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

**(૪)** આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા કોર્ટને કરવી.

હુકમ આજરોજ તારીખ **૧૬** મી, માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૩/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
પાટણ.

KBS.